# રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૧૨૬ કેસ : ૨૦નાં મોત

## રાજ્યમાં ૫૭૨૩૪ ટેસ્ટ કરાયા : ૫૦૭૧૮૮ને ક્વોરેન્ટાઈન કરાયા : ૬૩૭૧૦ને ડિસ્ચાર્જ કરાયા

ગાંધીનગર,તા.૧૮

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના ૫૭૨૩૪ ટેસ્ટ કરવામાં આવતા ૧૧૨૬ કેસ નોંધાયા હતા. આ સાથે કોરોના સંક્રમિતનો કુલ આંકડો ૮૦ હજારને પાર થઈ ૮૦,૯૪૨ થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૨૦ મોત સાથે કુલ મૃત્યુઆંક ૨૮૨૨ થયો છે. રાજ્યમાં આજે ૧૧૩૧ દર્દીઓ ડિસ્ચાર્જ કરવામાં આવતા આંકડો ૬૩ હજારને પાર થઈ ૬૩૭૧૦ થયો છે. રાજ્યમાં આજે એક્ટિવ કેસનો આંકડો ૧૪૪૧૦ થયો છે. જેમાં ૭૮ વેન્ટીલેટર પર અને ૧૪૩૩૨ સ્ટેબલ છે.રાજ્યમાં આરોગ્ય વિભાગ દ્વારા સતત કોરોનાના ટેસ્ટીંગમાં વધારો કરવામાં આવી રહ્યો છે. આરોગ્ય વિભાગની યાદી મુજબ આજે કોવિડ-૧૯ના કારણે ૨૦ દર્દીઓના મોત નોંધાયા છે.જેમાં સુરત જિલ્લામાં ૪અને મહાનગરપાલીકામાં ૩, અમદાવાદ મહાનગરમાં ૪, અમરેલી,ભાવનગર અને કચ્છમાં ૨-૨,ગીર સોમનાથ,રાજકોટ અને વડોદરામાં ૧-૧,મોત નોંધાયા છે.અમદાવાદ શહેરમાં આજે ૧૪૯ અને ગ્રામ્યમાં ૧૬ સાથે ૧૬૫ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે કોરોનાના કુલ સંક્રમિતનો આંકડો ૨૯૩૩૦ થયો છે. જ્યારે વધુ ૪ મોત સાથે ૧૬૬૬ કુલ મોત અમદાવાદમાં નોંધાયા છે. સુરત શહેરમાં ૧૭૫ અને જિલ્લામાં ૭૭ સાથે ૨૫૨ કોરોનાના કેસ નોંધાયા છે. આ સાથે કોરોનાના કુલ સંક્રમિતનો આંકડો ૧૭૪૦૯ થયો છે. આજે વધુ ૭ મોત સાથે મોતનો કુલ આંકડો ૫૬૭ થયો છે. વડોદરા શહેરમાં ૮૯ અને જિલ્લામાં ૨૨ સાથે ૧૧૧ કેસ કોરોના પોઝિટિવના નોંધાયા છે.આજે વધુ ૧ મોત સાથે મૃત્યુઆંક ૧૧૪ થયો છે. રાજકોટ શહેરમાં ૬૫ અને જિલ્લામાં ૩૩ સાથે ૯૦ કેસ કોરોના પોઝિટિવના નોંધાયા છે.જ્યારે ૧ મોત સાથે મૃત્યુઆંક ૬૮ થયો છે. ભાવનગર મહાનગરપાલીકામાં ૨૭ અને જીલ્લામાં ૧૬ સાથે કુલ ૪૩ કેસ નોંધાયા છે.આ સાથે સંક્રમિતોનો કુલ આંકડો ૨૧૬૫ થયો છે. આજે ૨ મોત સાથે કુલ મૃત્યુઆંક ૩૭ થયો છે.રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૧૪,૧૫,૫૯૮ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં. જેમાંપ,૦૭,૧૮૮ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યાં છે.જે પૈકી ૫,૦૬,૪૦૦ વ્યક્તિ હોમ ક્વોરન્ટાઈન છે અને ૮૧૬ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન કરેલ છે.

# બનાસકાંઠામાં રાત્રે વરસાદ અમીરગઢમાં ત્રણ ઈંચ ખાબક્યો


### ડીસા, થરાદ, દાંતીવાડા, ભાભર અને વડગામમાં દોઢ ઇંચ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદની આગાહી વચ્ચે સોમવારે રાત્રે ધોધમાર વરસાદ વરસ્યો હતો. અમીરગઢમાં ત્રણ ઈંચ ડીસા, થરાદ, દાંતીવાડા, ભાભર અને વડગામમાં દોઢ ઈંચ વરસાદ પડતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા.

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા દસેક દિવસથી ચોમાસું જામ્યું છે. જ્યાં ભારે વરસાદની આગાહી વચ્ચે છુટા છવાયા હળવાથી ભારે વરસાદી ઝાપટાં પડી રહ્યા છે. આવી સ્થિતિમાં મોટા ભાગના વિસ્તારોમાં સોમવારે રાત્રે ધોધમાર વરસાદ પડ્યો હતો. જ્યાં અમીરગઢમાં ત્રણ ઈંચ, ડીસા, થરાદ, દાંતીવાડાલ, ભાભર અને વડગામમાં દોઢ ઈંચ વરસાદ પડતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા.

જોકે મંગળવારે દિવસ દરમિયાન છુટા છવાયા હળવાથી ભારે વરસાદી ઝાપટાં પડ્યા હતા. દિયોદર પથકમાં વરસાદની હેલી જોવા મળી હતી. જેમાં દિયોદરના ગ્રામ્ય વિસ્તારો લુદ્રા, ભેસાણા, દેલવાડામાં ખેતરોમાં પાણી ભરાયા હતા. દિયોદર વિસ્તારમાં મેઘો મન મૂકીને વરસ્યો હતો. જેમાં કોઈ પણ આપત્તિ સમય દિયોદર વહીવટી તંત્ર દ્વારા અધિકારીઓ ને જરૂરિયાત પ્રમાણે યોગ્ય પગલાં ભરવા સૂચના આપવામાં આવી હતી. વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા તેમજ દિયોદરના લુદ્રા ગામે વીજળી પડતા એક ગાયનું મોત નીપજ્યું હતું.



**ખેડબ્રહ્માના ખેડવા ડેમમાંથી ૧૦૦૦ ક્યુસેક પાણી છોડાયું**

ડેમના પાચ દરવાજા માંથી બે દરવાજા ખોલવામાં આવ્યા હતા. ડેમનું રૂરલ લેવલ ૨૫૭.૨૭ જાળવવા માટે ૧૦૦૦ ક્યુસેક પાણી છોડાયું છે. ઉપરવાસમાં વરસાદ વરસતા પાણીની આવક વધતા પાણી છોડાયું હતું. ખેડવા ડેમમાં ૧૦૦૦ ક્યુસેક પાણીની આવક સામે ૧૦૦૦ ક્યુસેક પાણીની જાવક થઈ છે. ખેડબ્રહ્માના નદી કિનારાના ૯ ગામોને કરાયા સાવચેત કરીને નદી મા ન ઉતરવા તંત્ર એલર્ટ કરાયા છે.

# ગુજરાતના ૧૦૪ તાલુકામાં ૧થી ૧૧ ઈંચ સુધીનો વરસાદ

ગાંધીનગર,તા.૧૮

રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળતી માહિતી મુજબ આજે તા. ૧૮મી ઓગસ્ટ-૨૦૨૦ની સવારે ૬.૦૦ કલાકની સ્થિતિએ છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૩૩ જિલ્લાના ૨૩૪ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ વરસ્યો છે. જેમાં ૧૦૪ તાલુકાઓ એવા છે કે જ્યાં ૧ ઈંચથી ૧૧ ઈંચ સુધીનો વરસાદ વરસ્યો છે. તાપી જિલ્લાના ડોલવાણ તાલુકામાં સૌથી વધુ ૨૭૭ મી.મી. એટલે કે ૧૧ ઈંચ જયારે સુરતના માંડવી તાલુકામાં ૨૫૨ મી.મી. એટલે કે ૧૦ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. વ્યારામાં ૧૮૫ મી.મી., તલાલામાં ૧૮૦ મી.મી., વાલોડમાં ૧૭૮ મી.મી., વાંસદામાં ૧૫૭ મી.મી. અને સુરતના મહુવામાં ૧૫૦ મી.મી. મળી કુલ પાંચ તાલુકાઓમાં છ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. તદુપરાંત વઘઈમાં ૧૪૧ મી.મી., બારડોલી ૧૩૭ મી.મી., સોનગઢ-ગણદેવીમાં ૧૩૧ મી.મી., કડીમાં ૧૨૮ મી.મી., દહેગામ-તારાપુરમાં ૧૨૦ મી.મી., સોજિત્રામાં ૧૧૮ મી.મી., ડાંગ-અહાવમાં૧૧૬મી.મી.,અંકલેશ્વર-ઉમરપાડામાં ૧૧૪ મી.મી., નખત્રાણામાં ૧૧૨ મી.મી., જોડિયા-ધરમપુરમાં ૧૧૦ મી.મી., પેટલાદમાં ૧૦૭ મી.મી. અને ખંભાત-ચીખલીમાં ૧૦૫ મી.મી. મળી કુલ ૧૭ તાલુકાઓમાં ચાર ઈંચથી છ ઈંચ સુધીનો વરસાદ વરસ્યો છે. જયારે ચોર્યાશી, પલસાણા, અંજાર, ભાવનગર, માંડવી(કચ્છ), વાલીયા, ખેરગામ, અમીરગઢ, કલ્યાણપુર, નેત્રંગ, નવસારી, કલોલ, ટંકારા, તલોદ, અમદાવાદ શહેર, વિસાવદર, ભૂજ, ધનસુરા, સુબિર, કામરેજ, લીંબડી, માંગરોળ(સુરત), દસક્રોઈ, માતર, સંખેડા, માણસા, હાંસોટ, ડેડિયાપાડા, માંગરોળ(જૂનાગઢ), ગાંધીનગર અને ધાનપુર મળી કુલ ૩૧ તાલુકાઓમાં બે ઈંચથી ચાર ઈંચ સુધીનો વરસાદ વરસ્યો છે.

આમ રાજ્યના કુલ ૫૫ તાલુકાઓમાં બે ઈંચથી ૧૧ ઈંચ સુધીનો વરસાદ વરસ્યો છે. જયારે ૪૯ તાલુકાઓમાં એક થી બે ઈંચ સુધીનો વરસાદ વરસ્યો છે. ૧૨૯ તાલુકા એવા છે જ્યાં એક ઈંચથી ઓછો વરસાદ થયો છે તેવું સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરે જણાવાયું છે.રાજ્યમાં ચાલુ મોસમનો સરેરાશ ૮૩.૫૯ ટકા વરસાદ નોંધાયો છે. સૌથી વધુ કચ્છ ઝોનમાં ૧૪૨.૫૭ ટકા, સૌરાષ્ટ્ર ઝોનમાં ૧૧૫.૮ ટકા, દક્ષિણ ગુજરાત ઝોનમાં ૭૪.૬૬ ટકા, પૂર્વ મધ્ય ઝોનમાં ૬૪.૭૯ ટકા, ઉત્તર ગુજરાતમાં ૬૦.૮૮ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે.રાજ્યમાં વરસાદી માહોલમાં ગુજરાત એસ.ટી. બસની ત્રણ ટ્રુટની કુલ ૩૬ ટ્રીપો બંધ કરવાની ફરજ પડી છે.

# પ્રધાનમંત્રી મોદી ઓક્ટોબરમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી આવશે

### ૩૧મી ઓક્ટોબરે કેવડિયામાં નરેન્દ્ર મોદીની ઉપસ્થિતમાં રાષ્ટ્રીય એકતા દિવસની સાદગી પૂર્વક ઉજવણી કરાશે

નર્મદા, તા.૧૮

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીના લોકાર્પણને ૩૧મી ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૩ વર્ષ પૂર્ણ થશે. દર વર્ષે દેશભરમાં ૩૧મી ઓક્ટોબરે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરાય છે. આગામી ૩૧મી ઓક્ટોબર ૨૦૨૦ના રોજ કેવડિયા ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી સાદગી પૂર્વક થવાની છે. જેની મેરોથોન મિટીંગો શરૂ થઈ ગઈ છે. આગામી ૧૯ ઓગસ્ટનાં રોજ ગુજરાતના મુખ્ય સચિવની અધ્યક્ષતામાં એક મિટિંગ ઉચ્ચસ્તરીય બેઠક પણ યોજાશે. આ બેઠકમાં સામાન્ય વહીવટ વિભાગ, નર્મદા નિગમ, પોલીસ વિભાગ અને જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ હાજર રહેશે. કોરોના મહામારીની હાલની સ્થિતિને જોતા આ કાર્યક્રમનું કદ નાનું રાખવાની શકયતાઓ છે. આ ઉજવણી દરમિયાન કેન્દ્રીય દળોની એકતા પરેડ અને લાલબહાદુર શાસ્ત્રી નેશનલ એકેડમીના તાલીમાર્થીઓનો વિદાય સમારંભ



પણ યોજાશે. જેની તૈયારીઓ તંત્ર દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. આજે નર્મદા જિલ્લા પોલીસ વડા હિમકરસિંહ દ્વારા સ્ટેચ્યૂ ઓફ યુનિટીની આજુબાજુ જગ્યાનું નિરીક્ષણ પણ કરવામાં આવ્યું હતું. જેથી પ્રધાનમંત્રીની સુરક્ષા વ્યવસ્થાની કાળજી લઈ શકાય. જોકે, દેશના તમામ જે પ્રવાશન સ્થળો કોરોના મહામારીને કારણે બંધ રાખવામાં આવ્યા છે. જેને પણ સ્ટેચ્યૂ પરથી જ પ્રધાનમંત્રી શરૂ કરવાની જાહેરાત કરી શકે તેવી સંભાવના છે.

આ સાથે સ્ટેચ્યૂ ઓફ યુનિટી પણ પ્રવાસીઓ માટે ખુલ્લું મુકવામાં આવશે. જોકે, હાલ કોરોનો મહામારીના પગલે માર્ચ મહિનાથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી પ્રવાસીઓ માટે બંધ છે. કેવડિયા ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી સંદર્ભમાં આગામી ૧૯/૮/૨૦૨૦ ના રોજ મુખ્ય સચિવના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર ખાતે બેઠક યોજાશે. જેમાં કોરોનાની સ્થિતિને લઈને કાર્યક્રમનો વ્યાપ કેટલો રાખવો, પરેડનું સ્વરૂપ, પદ પૂજા કાર્યક્રમની રૂપરેખા, પ્રદર્શનનો વ્યાપ/રૂપરેખા, આમંત્રીતોની સંખ્યા, ભાગ લેનાર સીએપીએફ તથા અન્ય દળો તથા અન્ય રાજયોનું પ્રતિનિધિત્વ, આમંત્રિતોનું આગમન તથા એમની રહેવાની વ્યવસ્થા, એસએસએનએનએલ દ્વારા પોલિસ માટે જમીન નક્કી કરવા સહીત સુરક્ષા બાબતના અનેક મુદ્દાઓ ચર્ચાશે.

## વધુ ૧૧ કેસ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

શહેરમાં વધતા જતા કેસોને પગલે મોટી વય ધરાવતા વડીલોને જરૂર સિવાય ઘરની બહાર ન નીકળવા અને નગરજનોને પણ કોરોના સામે સતર્કતા સાથે સાવચેત રહેવા અપીલ કરી છે.

આજે નોંધાયેલા કેસોમાં જી.ટી.પી.એલ.નો એક કર્મચારી, હેડ કોન્સ્ટેબલ, ડેટા એન્ટ્રી ઓપરેટર, સીવીલ ઈજનેર, પ્લમ્બર, સુથારી કામ કરતા એક ભાઈનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૭-સી માં રહેતો અને સે. ૨૧ની જી.ટી.પી.એલ.માં નોકરી કરતો એક ૨૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ આ યુવાનના પરિવારના સાત સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

આ ઉપરાંત સે. ૭ માંથી બીજો કેસ અમદાવાદ સ્થિત એક ખાનગી કંપનીમાં કામ કરતી ૩૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ આ મહિલાના પરિવારના બે સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૭ માં કેસોની સંખ્યા ધીમી ગતિએ વધી રહી હોવાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે. તંત્રએ આ વિસ્તારમાં સઘન સર્વેલન્સની સૂચના આપી છે. આજે નોંધાયેલા બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આજે સે. ૨૪ માં પણ બે કેસ નોંધાયા છે. શહેરમાં સૌથી વધુ વસ્તીનું ભારણ આ સેક્ટરમાં હોવાથી તંત્રમાં જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ ચિંતા વધી છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૪ માંથી એક ૫૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ મહિલાના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

બ્લોક નં. ૭ માં ડેટા એન્ટ્રી ઓપરેટર તરીકે આરોગ્ય વિભાગમાં કામ કરતા અને સે. ૨૪ માં રહેતા એક ૩૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાનને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ યુવાનના પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરેલ છે.

સે. ૨૩ માંથી એક ૭૮ વર્ષીય વડીલનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વડીલે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ તેમના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૭ માંથી એક ૪૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ દર્દીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨ માંથી એક ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે હેડ કોન્સ્ટેબલ તરીકે સચિવાલય સંકુલમાં આ દર્દી ફરજ બજાવતા હતા. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ તેમના પરિવારના બે સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સીવીલ એન્જીનીયર તરીકે સરગાસણમાં ફરજો બજાવતા અને સે. ૩-એન્યુ માં રહેતા ૨૩ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ આ દર્દીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૮ માં આવેલ એક ધાર્મિક કેન્દ્રના વડાને કોરોના પોઝીટીવ આવ્યો છે. ૭૨ વર્ષીય આ વડાનો સારવાર માટે ગાંધીનગર સ્થિત આશ્કા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ સંસ્થામાં રહેતી અન્ય ૧૫ વ્યક્તીઓને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કરેલ છે.

સે. ૧૩-એ માં રહેતા અને સુથારી કામ કરતા એક ૩૬ વર્ષીય ભાઈનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨૯ માં રહેતા અને પ્લમ્બીંગનું કામ કરતા એક ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ તેમના પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

આજે નોંધાયેલા કેસોમાં છ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારતાં આવા દર્દીઓની સંખ્યા ૪૪ પર પહોંચી છે.

તંત્રએ શહેરમાં સઘન સર્વેલન્સની સૂચનાઓ આપી છે.

## ગુડાની કચેરીમાં

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જયારે અન્ય અધિકારી કર્મચારીઓ પણ હોમ ક્વોરેન્ટાઈન થઈ ગયા છે.

ગુડાના અન્ય કર્મચારીઓ પણ રેપીડ ટેસ્ટની માંગણી કરી રહ્યા છે. હાલ ગુડાની કચેરીમાં કોઈ અરજદાર કે લાભાર્થીઓને પ્રવેશ આપવામાં આવતો નથી જયારે ગુડાની કચેરી પણ સેનેટાઈઝ કરી દેવામાં આવી છે.

## નવા ૧૬ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહિલા દર્દીઓની સંખ્યા વધતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે.

દહેગામમાંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. જેમાં એક અર્બન વિસ્તારમાંથી અને બે ગ્રામ્ય વિસ્તારમાંથી કેસો મળ્યા છે.

આ દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યા છે. આજે મળેલા આ ત્રણેય કેસમાં બે દર્દીઓ મોટી વયના છે જ્યારે અન્ય એક દર્દી આધેડ વયના છે.

દહેગામ અર્બન વિસ્તારમાંથી એક ૭૪ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે દહેગામ તાલુકાના હાલીસા ગામેથી આજે બે કેસ મળી આવ્યા છે. હાલીસામાંથી ૬૨ વર્ષીય પુરૂષ અને ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

દહેગામ તાલુકામાં પણ કોરોનાના કેસોની સંખ્યા ૧૦૦ને પાર કરી ગઈ છે. શહેરી વિસ્તારમાં સઘન સર્વેલન્સની સૂચનાઓ આપવામાં આવી છે. માણસામાં પણ આજે ૩ કેસ નોંધાયા છે.

ત્રણેય કેસો ગ્રામ્ય વિસ્તારના છે. અર્બન વિસ્તારમાંથી આજે એક પણ કેસ ન મળતાં તંત્રએ થોડીક રાહત અનુભવી છે.

મળતી વિગતો પ્રમાણે દેલવાડા ગામેથી ૪૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે લાકરોડા ગામેથી બે યુવાનોનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. લાકરોડામાંથી એક ૨૭ વર્ષીય અને એક ૨૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોજીટીવ આવ્યો છે.

કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે એક જ કેસ નોંધાયો છે. કલોલ તાલુકાના કરોલી ગામેથી ૩૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તંત્રએ જણાવ્યુ છે કે ગ્રામીણ વિસ્તારમાં નોંધાયેલા કેસોમાં રિકવરી રેટ સારો છે. આજે વધુ ૨૫ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૧૮૧ દર્દીઓને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં હાલ ૧૫૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

## ૨ હજારને પાર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરમ્યાન મોત થયા છે પણ તંત્ર દ્વારા ચૂપકીદી સેવવામાં આવી રહી છે. જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા ૨૦૦૧ થઈ છે. જ્યારે અત્યાર સુધી ૧૭૦૨ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરી વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યા ૬૫૦ ને પાર કરી ગઈ છે. જ્યારે ગ્રામીણ વિસ્તારમાં ૧૩૦૦ થી પણ વધુ કેસો નોંધાયા છે.

શહેરમાં ૫૦૦ થી વધુ રિકવરી પ્રાપ્ત કરી ચુક્યા છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૧૧૮૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

## ફાયટર તૈનાત... ● પહેલા પાનાનું ચાલુ

સ્ટાફ અને એરફોર્સ દ્વારા પણ ટેકો આપવામાં આવ્યો હતો. દેશમાં બનેલા આ ફાઈટર જેટ વિશે આજ સુધીનો સૌથી મોટો સંરક્ષણ સોદો થયો છે. આ સોદાની કિંમત ૪૦ હજાર કરોડ છે. શરૂઆતમાં એરફોર્સ-મેન્યુફેક્ચરિંગ કંપનીઓ વચ્ચે મતભેદ હતા, પણ તત્કાલીન સંરક્ષણ પ્રધાન સ્વ. મનોહર પારિકરે સમાધાન કર્યું હતું. આ પછી સંમતિ થઈ કે એરફોર્સને ૮૩ માર્ક ૧ એ એલસીએ તેજસ મળશે. તેજસ કલાક દીઠ ૨૨૨૨ કિ.મી.ની ઝડપે ઉડવામાં સક્ષમ, એક સમયે ૩,૦૦૦ કિ.મી. સુધીની ઉડાન કરી શકે છે. જેટ ૪૩.૪ ફુટ લાંબું અને ૧૪.૯ ફુટ ઊંચું છે. તેજસ ફાઈટરનું વજન બધા શસ્ત્રો સાથે ૧૩,૫૦૦ કિલો છે. હવા-થી-હવામાં ફાયર કરી શકતી ૬ પ્રકારની મિસાઈલો તૈનાત કરી શકાય છે. આ ઉપરાંત ડર્બી, પાયથોન -૫, આર -૭૩, અસ્ત્ર, એસરામ, મેટીયોર-૨ જેવી હવાથી જમીન પર ફાયર કરાતી મિસાઈલો લગાવી શકાય છે. આ સિવાય લેસર ગાઈડેડ બોમ્બ, ગ્લાઈડ બોમ્બ-કલસ્ટર હથિયારો પણ લગાવી શકાય છે.

## સરકારી નોકરી નહી... ● પહેલા પાનાનું ચાલુ

૭૦ ટકા ભાગ પૂરો પાડશે. ઉલ્લેખનીય છે કે, રાજ્યની ૨૭ વિધાનસભા બેઠકો પર પેટા ચૂંટણીઓ યોજાવાની છે, ઉલ્લેખનીય છે કે વિધાનસભાની પેટા-ચૂંટણી પહેલા સીએમ શિવરાજસિંહ ચૌહાણ ઘણી લોકપ્રિય જાહેરાતો કરી રહ્યા છે. આ અગાઉ સીએમ શિવરાજે જાહેરાત કરી હતી કે અમે આદિવાસીઓને શાહુકારોના ચુંગાલથી બચાવવા માટે નવો કાયદો લાવી રહ્યા છીએ.

વીડિયો સંદેશમાં સીએમ ચૌહાણે કહ્યું કે આજે મધ્યપ્રદેશની સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. મધ્યપ્રદેશ સરકારની નોકરી માત્ર મધ્યપ્રદેશના બાળકોને આપવામાં આવશે. આ માટે કાનૂની પ્રક્રિયા કરવામાં આવી રહી છે. સ્થાનિક લોકોને સરકારી નોકરી માટે તક આપવાની માંગ સમયે-સમયે ઉભી થઈ છે. ઘણી ચૂંટણીઓમાં તેને મુદ્દો પણ બનાવવામાં આવ્યો છે. જોકે, કાયદાકીય પ્રક્રિયા કેટલા સમય સુધી પૂર્ણ થશે તે અંગે કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી.

## ટ્રાન્સફરની માંગ... ● પહેલા પાનાનું ચાલુ

કર્યો હતો કે ડીએમ એક્ટ હેઠળ કાનૂની આદેશનું ઉલ્લંઘન કરતા પીએમ કેર્સ ફંડ બનાવવામાં આવ્યું હતું. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે ડીએમ એક્ટ અનુસાર ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે કોઈ પણ વ્યક્તિ અથવા સંસ્થા દ્વારા આપવામાં આવેલુ કોઈ પણ દાન અનિવાર્ય રીતે એનડીઆરએફને ટ્રાન્સફર કરવું જોઈએ. કેન્દ્ર સરકારે ૮ જુલાઈએ સુપ્રીમ કોર્ટ સમક્ષ દાખલ પોતાના સોગંદનામામાં આ તર્કને ફગાવી દીધો હતો. સરકારે કહ્યુ હતુ કે પીએમ કેર્સ ફંડ રાહત કાર્ય કરવા માટે સ્થાપિત એક ખજાનો છે અને અતિતમાં આ રીતે કેટલાક આવા ખજાના બનાવી ચૂકાયા છે.

## અમિત શાહ... ● પહેલા પાનાનું ચાલુ

આ પહેલા હોમ આઈસોલેશનમાં હતા અને પછી તેમને એમ્સમાં દાખલ કરવામાં આવ્યા છે. એમ્સ મીડિયા અને પ્રોટોકોલ ડિવિઝનના ચેરપર્સન ડૉક્ટર પ્રોફેસર આરતી વિજે એક પ્રેસ નોટમાં જણાવ્યું કે, ગત ૩-૪ દિવસથી અમિત શાહને દુખાવા અને થાકની ફરિયાદ હતી. તેઓ કોવિડ-૧૯ની તપાસમાં નેગેટિવ હોવાનું સામે આવ્યું હતું. તેમને એમ્સના પોસ્ટ કોવિડ કેરમાં દાખલ કરવામાં આવ્યા છે. તેઓ ઠીક છે અને હૉસ્પિટલમાં પોતાનું કામ કરી રહ્યા છે. નોંધનીય છે કે, કોવિડ-૧૯ની સારવાર કરાવી રહેલા કેન્દ્રીય મંત્રી અમિત શાહે શુક્રવારે કહ્યું હતું કે, તેમનો તપાસ રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. ૫૫ વર્ષીય અમિત શાહે એવું પણ કહ્યું હતું કે ડૉક્ટરોની સલાહ મુજબ, તેઓ આગામી થોડાક દિવસ સુધી ઘરમાં આઈસોલેશનમાં રહેશે.

## નવાં કલેવર ● ચોથા પાનાનું ચાલુ

અને બોલ્યા. 'માધવ તું નિબંધમાં બીજી પણ એક વાત લખી શકે.'

'દાદાજી એ કઈ ?' માધવે આશ્ચર્યથી પૂછ્યું. આપણે આત્મનિર્ભર બનવું જોઈએ. તેનો અર્થ એમ કે આપણા કામ આપણે જાતે કરવાં જોઈએ. વળી ગાંધીજીએ આત્મનિર્ભરતાનો એક બીજો અર્થ પણ સમજાવેલો. આપણે આપણા દેશમાં બનેલી વસ્તુઓ જ ખરીદવી જોઈએ. જેમકે સાબુ, કપડાં, રમકડાં, મોબાઈલ બધું દાદાજી બોલ્યા.

'દાદાજી આ એક નવો મુદ્દો મળ્યો. એને પણ હું મારા નિબંધમાં લખીશ. જુઓ આ બીજા ફોટા પણ છે. જેમાં મંગલ પાંડે, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, ચંદ્રશેખર આઝાદ અને ભગતસિંહના ફોટા છે તેનો કોલાજ બનાવી નિબંધમાં વચ્ચે સુંદર રીતે સજાવીશ.' માધવે સમજાવ્યું.

'અરે ! બેટા વાહ ! બહુ સરસ તારો નિબંધ બહુ જોરદાર થવાનો પણ મારે હવે પેલાં છોકરાઓને ભણાવવાનાં છે. હું આવું ત્યાં સુધી તારો નિબંધ તૈયાર કરી રાખજે કહેતાં દાદાજીએ માથે ટોપી પહેલી મોં પર માસ્ક બાંધ્યું અને લાકડી લઈ ચાલતા થયા.'

**આત્મા ડાયરેક્ટરેટ એન્ડ સમેતિ**

પી-૭, 'એમ' ફ્લોર, કૃષિભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

ફોન નં. : ૨૩૨૪૫૨૮૭, ૨૩૨૪૫૦૪૩

ATMA GUJARAT

આ કચેરીના ઑક્ટોબર-૨૦૨૦ થી સપ્ટેમ્બર-૨૦૨૧ના સમયગાળાના તાલીમ વર્ગો માટે સવારે ચા/કૉફી, નાસ્તો, બપોરનું ભોજન, બપોરની ચા/કૉફી તથા સાંજના ભોજન માટે કેટરીંગનો ઓછામાં ઓછો બે વર્ષ કે તેથી વધુ અનુભવ ધરાવતી પાર્ટીએ રૂબરૂમાં રૂ. ૫૦૦/- ટેન્ડર ફોર્મ ફી ભરી ટેન્ડર ફોર્મ તા. ૯-૯-૨૦૨ સુધીમા મેળવી તા. ૧૦-૦૯-૨૦૨૦ના ૧૭.૦૦ કલાક સુધી પહોંચતા કરવાનાં રહેશે.

માહિતી/૬૭૪/૨૦-૨૧ નિયામક, સમેતિ, ગાંધીનગર

**અધિનિયમની કલમ-૧૧(૧) હેઠળનું પ્રાથમિક જાહેરનામું**

**મહેસૂલ વિભાગ**

**જાહેરનામું**

**સચિવાલય, ગાંધીનગર. ૨૯મી જુન, ૨૦૨૦**

**જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ - ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)**

**ક્રમાંક : અમ - ૨૦૨૦ - ૩૫૩ - મ - જગઘ - ૨૦૧૮ - ૨૦૫૮ - ચ**

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ - ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ - ૧૧ની પેટા કલમ (૧) (હવે પછી તેનો ઉલ્લેખ અધિનિયમ તરીકે કરવામાં આવશે.) ગુજરાત સરકાર આથી જાહેર કરે છે કે આ સાથે જોડેલ પરિશિષ્ટમાં બતાવવામાં આવેલ જમીનની જાહેર હિતના હેતુ નેશનલ હાઈવે નં. ૮ શાહપુર - લવારપુર માર્ગના બાધકામ માટે જરૂરી છે.

૨. આથી જાહેર કરે છે, કે

(૧) ઉપર જણાવેલ પ્રોજેક્ટ માટે જરૂરી જમીન હે. ૦-૧૬-૨૭ પ્ર. આરે / ચો.મી. છે અને તે શાહપુર ગામ તાલુકો જિલ્લો ગાંધીનગરમાં આવેલ છે.

(૨) ઉપર જણાવેલ પ્રોજેક્ટમાં નીચે મુજબના જાહેર હિતનો સમાવેશ થાય છે. એલ.સી. બંદ કરવા માટે નેશનલ હાઈવે નં. ૮ શાહપુર - લવારપુર માર્ગના બાંધકામ પ્રોજેક્ટ

(૩) અસરગ્રસ્ત વ્યક્તિઓને ખસેડવાની જરૂરના કારણો નીચે મુજબ છે. લાગુ પડતું નથી.

(૪) સામાજિક અસરોના મૂલ્યાંકન અહેવાલ સંક્ષિપ્તમાં નીચે મુજબ છે. ગુજરાત અધિનિયમ - ૧૨ / ૨૦૧૬ની કલમ - ૧૦ એ હેઠળ ગુજરાત સરકારના મહેસુલ વિભાગના જાહેરનામા ક્રમાંક થી મુક્તિ આપવામાં આવેલ છે. આથી ઉક્ત અધિનિયમની કલમ-૧૦ એ હેઠળ સામાજિક અસરોના મૂલ્યાંકનનો સંક્ષિપ્ત અહેવાલ આપવો જરૂરી નથી.

(૫) અધિનિયમની કલમ - ૪૩ હેઠળ નિયુક્ત કરવામાં આવેલ વહીવટદારની વિગતો નીચે મુજબ છે.

નાયબ ક્લેક્ટર, ક્લેક્ટર કચેરી, ગાંધીનગર

૩. આ જમીનમાં હિત ધરાવતી બધી વ્યક્તિઓને આથી જાણ કરવામાં આવે છે કે કોઈ પણ સર્વેયરને અથવા અન્ય કર્મચારીઓને આ જમીન પર દાખલ થવા અને જમીનનો સર્વે કરતાં અટકાવવા નહીં. આ જાહેરનામું બહાર પાડ્યા બાદ ક્લેક્ટરની પરવાનગી વગર આ જમીનની કે તેના કોઈ ભાગની કોઈ પણ સ્વરૂપે તબદીલી જેમાં વેચાણ, ભાડા પટે આપવી, ગીરવે મૂકવી, નામ બદલવું અથવા નોંધણીમાં ફેરફાર કરવા નહીં. જો તેમ કરવામાં આવે તો અધિનિયમ કલમ-૨૭ હેઠળ જમીન સંપાદન વખતે વળતરનું મૂલ્યાંકન કરતી વખતે આવા ફેરફાર પર વિચારણા કરવામાં નહીં આવે.

૪. ગુજરાત સરકારને જો ઉપર જણાવેલ જાહેર હેતુ માટે જમીન સંપાદન કરવા અંગે સંતોષ થશે તો અધિનિયમની કલમ-૧૯ હેઠળ, અધિનિયમમાં નિયત કરેલ સમયમર્યાદાની અંદર આખરી જાહેરનામું બહાર પાડશે. જો સંપાદન કરવાનું આંશિક રીતે અથવા પૂરેપૂરી રીતે રદ કરવામાં આવે તો આવી હકિકત અધિનિયમની જોગવાઈ મુજબ યોગ્ય રીતે જાહેર કરવાની રહેશે.

૫. જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ - ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ - ૩ (જી) હેઠળ જિલ્લા ક્લેક્ટર સદરહું જમીનોના સંબંધમાં સદરહું અધિનિયમ હેઠળ ક્લેક્ટરના કાર્યો બજાવવા માટે નાયબ ક્લેક્ટર, ગાંધીનગરને સંપાદન અધિકારી તરીકે નીમે છે.

૬. આ જાહેરનામા પ્રસિદ્ધિની તારીખથી ૬૦ (સાઈઠ) દિવસની અંદર, આ અધિનિયમની કલમ-૧૫ મુજબ જો કોઈને સંપાદન બાબતે વાંધો હોય તો તેઓ કલમ-૧૫ હેઠળ ક્લેક્ટર અથવા અધિકૃત્ ધિકારીને રજૂઆત કરી શકાશે.

**પરિશિષ્ટ**

**મોજે : શાહપુર તા. ગાંધીનગર જિ. ગાંધીનગર**

| અનુ. નં. | સર્વે નંબર | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) |
|---|---|---|
| ૧ | જેનો સર્વે નં. ૧૭૪ના ત્રણ અલગ ખાતા મુજબના નવા સર્વે નં. ૧૬૭, ૨૨૯ તથા ૨૩૦ | ૦-૧૬-૨૭ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

**એચ. જે. રાઠોડ**

**સરકારના ઉપસચિવ**

માહિતી/૬૮૧/૨૦-૨૧